# જાહેર ખબર

NAVSARI AGRICULTURAL UNIVERSITY

ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, નવસારી કૃષિ યુનિવર્સિટી, સુરતના ૪૦ વિદ્યાર્થીઓ + ૨ સ્ટાફ સાથે ૨૧ દિવસનો શૈક્ષણિક પ્રવાસ મહારાષ્ટ્ર, ગોવા, તામીલનાડુ,કર્ણાટક, કેરલ અને આંધ્રપ્રદેશ રાજયોમાં આયોજવાનો હોય પ્રવાસનું વાહન ૨૦૧૨ કે તે પછીનું પાસીંગ ધરાવતા ઈચ્છુક ટ્રાવેલર્સ/ઓર્ગેનાઈઝર્સોએ ૩ × ૨ સીટીંગ કેપેસીટીવાળી બસનો પ્રતિ કિલોમીટર બસ ભાડુ ડ્રાઈવર ભથ્થા + તમામ પ્રકારનાં ટેક્ષ સાથેનાં પોતાના ભાવો બંધ કવરમાં તા.૩૦/૧૨/૨૦૧૪ સુધીમાં આચાર્યશ્રી, ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઈન્સ્ટીટયુટ, અઠવા ફાર્મ, ઘોડ દોડ રોડ, ન.કૃ.યુ., સુરત–૩૯૫૦૦૭ ને ટપાલ / કુરીયર ધ્વારા પહોંચતા કરવા. વધુ વિગત યુનિવર્સિટીની વેબ સાઈટ www.nau.in પર જોવા મળશે.

તા.૨૦/૧૨/૧૪

આચાર્ય

નવસારી કૃષિ યુનિવર્સિટી

ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇન્સ્ટીટ્યૂટ,સુરત

દક્ષિણ ભારતમાં શૈક્ષણિક પ્રવાસ ૨૦૧૪-૧૫ માટેની ખાનગી ટ્રાવેલ્સની ભાડાની બસ માટેની શરતો

૧. ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇંસ્ટીટયૂટ નો શૈક્ષણિક પ્રવાસ દક્ષિણ ભારતમાં તા.૧૨/૦૧/૨૦૧૫ થી ૦૧/૦૨/૨૦૧૫ દરમ્યાન રહેશે.

૨. ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇંસ્ટીટયૂટ નો શૈક્ષણિક પ્રવાસ તા. ૧૨/૦૧/૨૦૧૫ નો સોમવારના રોજ મળસ્કે ૧.૦૦ કલાકે શરૂ થશે તે મુજબ નક્કી કરેલ બસ (બાયોટેક શાખા માટે ૪૨ સીટની કેપેસીટીવાળી ૩ X ૨ પુશબેક એક બસ ) વાહન ચાલક સહિત ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇન્સ્ટીટ્યૂટ, ઘોડ દોડ રોડ અઠવા ફાર્મ, સુરત ખાતે સ્થળ પર અચુક (દક્ષિણ ભારત માટે તા.૧૧/૦૧/૨૦૧૫ ના રોજ રાત્રે ૮ કલાકે ) હાજર થઇ જવાનું રહેશે.

૩. શૈક્ષણિક પ્રવાસ કાર્યક્રમમાં ફેરફાર કરવાની સતા આચાર્યશ્રી સાથે પરામર્શ કર્યા બાદ ટુર લીડરની રહેશે.

૪. જરૂરી જણાય ત્યાં ટુર લીડરની સુચના મુજબ રાત્રી દરમ્યાન પ્રવાસ કરવાનો રહેશે.

૫. મુસાફરી દરમ્યાન મુશકેલી ન પડે તે માટે બસ લેટેસ્ટ મોડેલની સારામાં સારી કંડીશનવાળી, આરામદાયક સીટવાળી, બે હાર વચ્ચે યોગ્ય જગ્યા ધરાવતી સીટો તેમજ બારીના પડદા સારી હાલતમાં હોવા જરૂરી છે. બારીના ગ્લાસ ટુટેલ ના હોવા જોઇએ.

૬. દક્ષિણ ભારતના રસ્તાના જાણકાર તેમજ પર્વતીય રસ્તાના હિલી ડ્રાયવીંગના અનુભવી બસ ડ્રાયવર બેજ લાયસન્સ ધરાવતા બે ડ્રાયવરો બસમાં કલીનર સાથે ફાળવવાના રહેશે.

૭. મુસાફરી દરમ્યાન બસ બગડી જાય તો તાત્કાલીક સ્વખર્ચે રીપેરીંગ કરી આગળનો પ્રવાસ પૂર્ણ કરવાનો રહેશે.

૮. ડ્રાયવર- કલીનરને અમારી સંસ્થા તરફથી જમાવા કે અન્ય કોઇ ખર્ચ કે વ્યવસ્થા આપવામાં આવશે નહી.

૯. આ પ્રવાસમાં લગેજ ઢાંકવા માટે તાડપત્રી અથવા લગેજ બગડે નહી તેની વ્યવસ્થા ટ્રાવેલ એજેંટે કરવાની રહેશે.

૧૦. તમામ શરતો માન્ય હશે તો પ્રથમ ૫૦% નાંણા એડવાંસ આપવામાં આવશે ત્યાર પછી પ્રવાસ દરમ્યાન વચ્ચે ૨૫% નાંણા ટ્રાવેલ કંપની સાથે પરામર્શ કર્યા બાદ અને બાકી ૨૫% ટ્કા નાંણા પ્રવાસ પૂર્ણ થયે થી ચૂકવામાં આવેશે.

૧૧. સમગ્ર પ્રવાસ દરમ્યાન ગાડી પાર્કીંગ, રોડ ટેક્ષ, ટોલ ટેક્ષ, પુલ ટેક્ષ, સર્વિસ ટેક્ષ, એંટ્રી ટેક્ષ, પોલીસ એંટ્રી, પરમીટ ચાર્જ, બળતણ ખર્ચ અને રીપેરીંગ ખર્ચ તથા અન્ય વેરા ટ્રાવેલ કંપનીએ નીભવવાના રહેશે. આર.ટી.ઓ પોલીસ દ્રારા પાર્કીંગ ને લગતા અથવા અન્ય કારણોસર દંડ કરવામાં આવેતો તેની રકમ સ્થળ પરજ ડ્રાયવરે ભરવાનીજ રહેશે.

(પાછળ)

૧૨. વિદ્યાર્થી તથા સ્ટાફ (દક્ષિણ ભારત માટે વિદ્યાર્થી ૪૦ +સ્ટાફ ૨ સાથે = કુલ ૪૨ ) નું લીસ્ટ આર.ટી.ઓ પાસે જે તે ટ્રાવેલ કંપનીએ પોતાના ખર્ચે પાસ કરાવવાનું રહેશે.

૧૩. સદરહું ૨૧ દિવસના શૈક્ષણિક પ્રવાસમાં આશરે ૫૦૦૦ થી ૬૦૦૦ કિ.મી. અંતર થવાની શકયતા છે.

૧૪. નાણાંની ચૂકવણી ખરેખર પ્રવાસ થયેલ કિ.મી. પ્રમાણે જ ચૂકવવામાં આવશે. કોઇપણ સંજોગોમાં પ્રવાસના કિ.મી થી વધુ નાણાં ચૂકવવામાં આવશે નહિ. કિ.મી. ની ગણતરી ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇન્સ્ટીટયૂટ,સુરતથી બસ ઉપડે ત્યારથી પરત બસ ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇન્સ્ટીટયૂટ,સુરતપહોંચે ત્યાં સુધીની જ કરવામાં આવશે.

૧૫. બીલની કુલ રકમમાંથી ટી.ડી.એસ ઇંકમટેક્ષના નિયમો પ્રમાણે કાપવામાં આવશે.

૧૬. પ્રવાસની શરૂઆત કરતાં પહેલા જે તે બસની આર.સી.બુક, ઇંસ્યોરંસ લેટર, પી.યુ.સી. ની કોપી, વાહન ચાલકના ડ્રાઇવીંગ લાઇસન્સની કોપી તથા બેજ નંબરની વિગત કચેરીમાં રજૂ કરવાની રહેશે.

૧૭. બસમાં ટી.વી. ,ડી.વી.ડી પ્લેયર ચાલુ હાલતમાં હોવું જરૂરી છે.

૧૮. વાહન ચાલકનો વ્યવહાર ટુર લીડર તથા વિદ્યાર્થી સાથે સુમેળભર્યો હોવો જરૂરી છે.

૧૯. વાહન ચાલક તથા કલીનર કોઇ પણ જાતના માદક દ્રવ્યોના વ્યસનથી મુકત હોવા જરૂરી છે.

૨૦. જે બસ મુસાફરી માટે ભાડે આપવાની થાય તેનું ફીઝીકલ વેરીફીકેશન કરાવવું જરૂરી છે.

૨૧. જે તે બસનું ફીટનેશ સર્ટીફીકેટ હોવું જરૂરી છે.

૨૨. ફાયર સેફટી સાધન તથા ફસ્ટ એડ બોક્ષ બસમાં હોવા જરૂરી છે.

૨૩. કોઇપણ પ્રકારના મતભેદો/ તકરારના નિવારણ માટે સુરતની જુડીશીયલની હદ માન્ય રાખવાની રહેશે.

૨૪. આપનું ભાવપત્રક મંજુર થયે સ્વખર્ચે રૂ. ૧૦૦/- ના " ભારતીય નોન જુડીશીયલ સ્ટેમ્પ પેપર"ઉપર ઉપરોકત તમામ શરતો માન્ય અને કબૂલ છે તેમ દર્શાવતું કરારનામું કચેરીમાં રજૂ કરવાનું રહેશે.

સંપર્ક નંબર:

દક્ષિણ ભારત માટે (બાયોટેકનોલોજી)

૧. ડૉ. સંજય ઝા, મો. ૭૬૦૦૦૫૯૧૨૮

૨. પ્રો. કે.જી. મોદી, મો. ૯૩૭૫૭૫૮૪૧૬

સહિ:-............................................................

ટ્રાવેલ્સનું નામ:-...................................................

સરનામું:-.............................................................

ફોન નંબર:-.........................................................

આચાર્ય

ગુજરાત એગ્રીકલ્ચરલ બાયોટેકનોલોજી ઇન્સ્ટીટયૂટ

ન.કૃ.યુ, સુરત

o/c